SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-2, April to June : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 'મોરનાં ઈંડાં' પ્રતિકાત્મક નાટક

*વાઘેલા રેખા જે.*

***સારાંશ:***

***'મોરનનાં ઈંડાં કૃષ્ણલાલ શ્રીધરાણીનું એક વિલક્ષણ નાટક છે.ત્રણ અંકના આ સામાજિક નાટકમાં રૂઢ જીવન અને શિક્ષણ-વ્યવસ્થા તરફનો એક વિદ્રોહ પણ છે જે એના મુખ્ય પાત્ર પ્રો.અભિજિત દ્વારા નિરૂપાયો છે.એક આશ્રમશાળાના ખુલ્લા મનના અધ્યક્ષ વિદુર એમના આ વિલક્ષણ ફિલસૂફ વિદ્વાનને અતિથિ અધ્યાપક તરીકે લાવ્યા છે ને અભિજીત બાળકોના વિસ્મય અને સમજને એક નવી જ વૈચારિક આબોહવામાં પલટે છે.***

**પ્રસ્તાવના :**

ત્રણ અંકનું આ નાટક 'મોરના ઈંડા' 1934માં લખાયું અને એ સમયગાળામાં એ ખૂબ પ્રશંસા પામેલું. તરુણાવસ્થા દરમ્યાન કૃષ્ણાલાલ શ્રીધરાણીએ આ નાટકમાં શ્રીધરાણીની પુખ્ત ચિંતનશીલતા, તીવ્ર ધારવાળી બૌદ્ધિકતા અને અરુઢ વિચારણા તેમાં જોવા મળે છે.આ કૃતિ પ્રત્યે તેમણે વર્ષો સુધી ગૌરવ અનુભવેલું અને આ નાટકની બીજી આવૃત્તિ વખતે તેમણે તેમાં નોંધ્યું કે 'મોરનાં ઈંડાં' નાની ઉંમરે લખ્યાનું મને અભિમાન છે. એટલું જ નહીં, એ લખ્યાનું પણ મને અભિમાન છે.

ગાંધીયુગની એક આશ્રમ શાળામાં થોડાક સમય માટે અતિથિ તરીકે આવેલા એક ધૂની પ્રોફેસર અભિજીતના પ્રવેશથી જ હલચલ મચી જાય છે.કિશોર વયના વિદ્યાર્થીઓ દલીલ કરનારા સજ્જ છે.એટલે જ કદાચ સંસ્થાના અધ્યક્ષ વિદુરે વિદ્યાર્થીઓની સજ્જતાને ધાર નીકળે એ આશયથી જ લઈ આવ્યા હશે.પ્રો. અભિજીત સિગારેટ પીએ છે અને ઈંડા ખાય છે.એમના વિચારો તેમજ તેમની આખા બોલી રીત વધુ આઘાત આપે તેવી છે.જેના લીધે વિદ્યાર્થીઓ અને પ્રોફેસર વચ્ચે ઉત્તેજના પ્રેરક વિવાદચર્ચાઓ થાય છે,જે ક્યારેક રસપ્રદ બને છે.

પલાશ,બંસી,મરાલ,આલાપ,અશોક,ફાલ્ગુની,સોમ,તીરથ,આરતી,પ્રોફેસર અભિજીત અને સંસ્થાના અધ્યક્ષ વિદુર વગેરે પાત્રોથી સજ્જ આ નાટક બનેલું છે.જેમાં મંથરા નદીને કાંઠે આવેલા સેવાશ્રમની પાન્થ શાળાનું વર્ણન છે.તીરથ નામના એક વિદ્યાર્થીથી આ નાટકને અને અભિજીતના વિચારોને એક નવું અવકાશ મળે છે.ઈંડા વેચનાર વાઘરીના આ સોહામણા પુત્ર તીરથને અભિજીત આશ્રમમાં રાખી લેવાનું ને એને ભણાવવા-ગણાવવાનું સૂચવે છે.જેમાં અધ્યક્ષ વદૂર પણ સંમતિ આપે છે ( કારણ કે તેમની પણ ઈચ્છા હતી કે આ વણકેળવાયેલા પરંતુ પ્રાણવાન કિશોરને તૈયાર કરીને આગળ વધારે) એ ઈચ્છે છે કે તીરથ સામાન્ય જ્ઞાન અને જીવનની સંસ્કારિતાનું,સમાજશાસ્ત્રનું અને છેલ્લે વર્ગના પ્રશ્નોનું ચિંતન અને મનન પ્રાપ્ત કરવાની ક્રમબદ્ધ કેળવણી લે.પરંતુ અભિજીતની એવી કોઈ જ અપેક્ષા નથી. એ તો ઈચ્છે છે કે તીરથ મૂળને પાલટ્યા વિના સહજ રીતે જ વિકસે અને જ્ઞાનને વ્યક્તિત્વ સાથે સંયોજન સાધવા દે.પ્રો.અભિજિત તીરથને કહે છે કે, 'તારે સુધરવાપણુ છે જ નહીં, કેમ કે તું બગડ્યો છે જ નથી!' 'મોરનાં ઈંડાં' એવા શીર્ષકની પ્રતીકાત્મકતા અહીં અર્થરૂપે ઉઘડે છે.

કૃષ્ણલાલ શ્રીધરાણી એ પ્રણય તત્વને પણ આ નાટકમાં આલેખ્યું છે.વિદૂરની પુત્રી ફાલ્ગુની અને પાલાશ વચ્ચેની પ્રીતિ, ફાલ્ગુનીનું તીરથ તરફ પણ ઊભું થતું સહજ આકર્ષણ તથા તીરથ અને એની બાલસખી આરતી વચ્ચેનો સ્નેહસંબંધ.આ નાટ્યકૃતિમાં પ્રેમ, ઝંખના, ઈર્ષા, ઉત્કટતા જેવા ભાવોની આકર્ષતા સર્જક તેમાં ઉમેરે છેનિયમજડ વાતાવરણથી તીરથ કંટાળે છે ને આશ્રમ છોડી ભાગી જાય છે.પરંતુ તેનાં પિતા તેને શોધીને ફરીથી આશ્રમ મૂકી જાય છે.સમય જતાં અભિજીત આશ્રમથી જવાની તૈયારી કરે છે.પ્રો.અભિજીતના વિલક્ષણ વ્યક્તિત્વથી ટેવાયેલા અને તેની સાથે હળીમળી ગયેલા કિશોરો સાથે એ છેલ્લી ચર્ચાઓ કરે છે ને ત્યાં જ, ગામમાં કશુંક ધીંગાણું થયાના સમાચાર પહોંચે છેગામમાં ધાડપાડુઓ આવી પહોંચે છે.આશ્રમમાં તીરથને એની જાણ થાય છે ને એ પેલા ધાડપાડુઓ સાથે લડે છે ને તેને ગોળી વાગતા તે મૃત્યુ પામે છે.ઉત્સાહપૂર્વક મળવા આવેલી આરતી તીરથ ક્યાં છે? એમ પૂછે છે.જેના ઉત્તરરૂપે અભિજીત કહે છે કે તે તો સ્વામીજી સાથે બહારગામ ગયો છે.- આ માનવીય વિલક્ષણ પરિસ્થિતિ અભિજીતને મનોમંથનમાં ધકેલી દે છે...આરતીના ગયા પછી તે બહાવરો થઈને તીરથના પાસે જાય છે ને જોરથી દાબીને બેસી જાય છે કહે છેઃ

સાંભળતો નથી? સાંભળતો નથી, તીરથા? ઉડી જવું હોય તો ઉડી જા! આરતી એક પીછું માંગે છે! અને બીજું એક મારે માટે પણ મૂકતો જા!

ફાલ્ગુની પ્રવેશીને કહે છેઃ બે પીંછા માંગો છો ત્યારે ત્રીજુંય એક માંગી લો, અભિજીત!

અને આ સ્તબ્ધ ક્ષણ, ભાવવિવશતા આગળ, કરુણતાનો સ્પર્શ મૂકી જતું આ નાટક પૂર્ણ થાય છે.

પ્રસ્તુત નાટકમાં અભિજીતની ભૂતકાળની કોઈ વ્યથાને દબાવતા અંશો પ્રગટ થાય છેઃ અભિજીત એક જગ્યાએ એની નાની બહેન અને એના મૃત પુત્રનો ઉલ્લેખ કરે છે.એટલે જ તો તીરથને જોતા જ એને પોતાનો મૃત પુત્ર યાદ આવે છે ને કહે છે :

' મારેય એક દીકરો હતો. તારા જેવડો થયોને માળો મરી ગયો.'

સજ્જ કિશોરો અભિજીતના વ્યક્તિત્વની આ વિચિત્રતા પામી જાય છે ને કહે છે કે -

' જાવો છો ત્યારે તમારું આ કવચ ઉતારી નાખો...આજે તો અમને જાણવા દો કે અમારી જેમ તમારી છાતી નીચેય એક ઊનું હૃદય ધબકે છે.'
ત્યારે અભિજીત વાતમાંથી છટકી જઈને મજાકથી કહે છે કે -

જો મારું હદય ઊનું હોત તો આમ મારે બીડી ન પીવી પડત.એ ક્યારનુંય ઠરી ગયું છે.

અને છેલ્લે, તીર્થના મૃતદેહ આગળ વર્ષોથી દાબી રાખેલી આ લાગણીવશતા પેલું કવચ ચીરીને બહાર આવી જાય છે જે આ પાત્રને એક માનવીય સ્પર્શ આપે છે.

આ નાટકમાં પાત્ર-પરિસ્થિતિની જે તરલ અને સ્ફૂર્તીવાળી ગતિ છે એમાં લેખકનું કૌશલ્ય પ્રતિપાદિત થાય છે જે અત્યંત પ્રસન્ન કરનારું બન્યું છે.બબ્બે પાત્રો વચ્ચે પ્રયોજાયેલા સંવેદનોથી નાટ્યપરિસ્થિતિ આકર્ષક રીતે ઉઘાડપામે છે. વિચારશિલતાના નવા વાતાવરણમાં લઈ જતું આ નાટક એક વિલક્ષણ નાટ્યકૃતિ તરીકે મહત્વનું છે.

*સંદર્ભસૂચિ : ' મોરનાં ઈંડાં' - કૃષ્ણલાલ શ્રીધરાણી(1934)*